**1Special Atro Case No 15/2019**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૧૫/૨૦૧૯**
**આંક -38**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ- ૧૫/૨૦૧૯ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૯ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મહેન્દભાઈ ખેમશીભાઈ પરમાર(અનુસુચિત જાતી) | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 8980729475 |
| ઉંમર આશરે | ૩૧ | વરસની | ધંધો | વેપાર |
| રહેવાનુ | થાવર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું થાવર ગામમાં વડાલાની સામે શીવ મોબાઈલ નામની દુકાન ચલાવી વેપાર ધંધો કરૂ છુ. અમો સાત ભાઈ બહેનો છીએ, જેમાં સૌથી મોટા નટવરભાઈ તેનાથી નાના રમીલાબેન તેનાથી નાના જગમાલભાઈ તેનાથી નાના બબીબેન તેનાથી નાના લલીતાબેન તેનાથી નાનો દશરથભાઈ અને સૌથી નાનો હું છું.

(૨) બનાવ ૨૦૧૯ની સાલમાં અંદાજે બાર સાડા બાર વાગ્યાની આસપાસ બનેલો. તે સમયે હું મારી મોબાઈલની દુકાને હાજર હતો. તે સમયે મુકેશભાઈ નરસિંહભાઈ પરમાર જેઓ રીક્ષા લઈને ઉભેલા હતા તે વખતે અંદાજે ચારેક જેવા બાઈક આવેલા અને દરેક બાઈક પર અંદાજે બે-બે વ્યકિત બેઠેલા હતા અને તેઓ મુકેશભાઈને માર મારવા લાગેલા. આ જે બાઈક લઈને આવેલા તે પૈકી નારણભાઈ ભેમાભાઈ તેમના હાથમાં ધોકો હતો અને તેમણે નરસિંહભાઈને હાથના પાછળના ભાગે મારેલ તેમજ મુકેશભાઈને પણ ગડદાપાટુનો માર મારેલો અને તેઓ અભદ્ર શબ્દો ગાળો

સાહેદની સહી............................

બોલેલી અને જાતી વિષયક કોડા જેવા શબ્દો બોલેલા. આ ઝઘડામાં મુકેશભાઈ અને તેમના પપ્પાને વાગેલું અને તેઓને પ્રાઈવેટ વાહનમાં સરકારી દવાખાને ધાનેરા ખાતે સારવાર માટે લઈ ગયેલા. બનાવ સબંધે પોલીસે મારુ નિવેદન લીધેલું.

આરોપીઓ નામ.કોર્ટ હાજર છે, તેઓને હું ઓળખુ છું.

મને મુદામાલમાં લાકડીઓ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલનં.૧ ધોકો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે બનાવ સમયે આ ધોકો હતો નહી પરંતુ આ ધોકાથી મોટો ધોકો હતો.

**સરતપાસ પુરી...**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.પી.ચૌધરી....**

(૩) બનાવના ચાર વર્ષ પહેલાથી મોબાઈલની દુકાન ચલાવતો હતો અને એ મોબાઈલની દુકાનમાં ગ્રાહકો આવતા હોવાથી ગામના બધા માણસોને હું ઓળખુ છું. નરસિંહભાઈ, મુકેશભાઈ અને વેરશીભાઈ અમારા કુટુંબી થાય છે. હું પટેલ સુજાભાઈ પાતાભાઈને ઓળખુ છું. એ વાત ખરી છે કે સુજાભાઈ પાતાભાઈએ નરસિંહભાઈ નાનજીભાઈ, મુકેશાઈભાઈ નરસિંહભાઈ, વેરશીભાઈ કાંતીભાઈ તથા મારા ઉપર ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી છે કે સુજાભાઈ પાતાભાઈએ અમારા લુંટની ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી છે કે મફાભાઈ જીવાભાઈના ખેતર પાસે મો.સા.ને રીક્ષા અથડાવી સોનાની ચેન લુંટ કરવા અંગેની ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી નથી કે અમારા ઉપર જે ફરીયાદ દાખલ થઈ તેના કેટલા દિવસ પછી નરસિંહભાઈ નાનજીભાઈએ ફરીયાદ દાખલ કરેલી. એ વાત ખરી છે કે બનાવના અરસામાં ગામમાં લગ્નગાળો હતો અને અમારા

મહોલ્લામાં લગ્ન ગાળો હતો. એ વાત ખરી છે કે બનાવ સમયે હોબાળો થયેલો ત્યારપછી હું મારી દુકાનથી ગયેલો અને તે વખતે દશ પંદર માણસોનુ ટોળુ થયેલુ હતું. એ વાત ખરી નથી કે ટોળામાં મુકેશભાઈને કોણ મારતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવ પછી પોલીસે મારુ નામ ઠામ પુછેલુ અને શું ધંધો કરો છો તે વાત થયેલી બીજી કોઈ પુછપરછ કરેલી નહી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

………………………………………
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૨૭/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી…………………………